આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૬૩ | ૪ ડિસેમ્બર, ૨૦૧૩, બુધવાર; માગશર સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

કુદરતના એક દાવ સામે
તમારા હજારો દાવપેંચ
નક્કામા છે
- વલ્લભાચાર્ય



ખેલ મહાકુંભની જમાવટ - રાજ્યભરમાં આરંભાયેલ ખેલ મહાકુંભના પગલે ગાંધીનગર મહાનગરમાં પણ આજકાલ વિવિધ રમતોનો ધમધમાટ છે... મંગળવારે વહેલી સવારે નગરમાં ખેલકુદ સ્પર્ધાઓ વિવિધ સ્થાનો પર યોજાઈ હતી. આંતરશાળાકીય સ્પર્ધાઓની જેમ ખુલ્લા વિભાગમાં પણ સ્પર્ધાત્મક મહોલ જળવાતો હતો. નગરની શાળા-કૉલેજના મેદાનો આજકાલ ખેલ મહાકુંભના રમતવીરોથી ઉભરાય છે... ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં દોડ, ચક્ર ફેંક અને બેડમિંગ્ટન જેવી સ્પર્ધાઓએ આકર્ષણ જમાવ્યું હતું. *(તસવીર : દિપક જાની)*

# ચ-૦ થી હાંસોલ માર્ગની બંને બાજુ ચેઈન-લીંક જાળી લગાવાશે

## મુખ્યમંત્રી સુરક્ષાને પગલે માર્ગની બંને બાજુ પાંચ કરોડના ખર્ચે ૩ મીટર ઊંચી જાળી લગાવાશે

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રીની સુરક્ષાને ધ્યાને લઈ ચ-૦ થી હાંસોલ માર્ગ આસપાસ ચેઈન-લીંક જાળી ફીટ કરવામાં આવશે. ૩ મીટર ઊંચાઈ ધરાવતી આ જાળીના ફેન્સીંગ માટે લોખંડની એંગલ લગાવાશે. ૧૧ કીલોમીટરના આ રૂટમાં આ કામગીરી પૂર્ણ કરવા માટે રૂ. ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ચ-૦ થી હાંસોલ માર્ગ પર એરપોર્ટના આ રૂટમાં મુખ્યમંત્રીની વિશેષ અવરજવરને ધ્યાને લઈ સલામતી વધારવા કેટલાક મહત્વના પગલા લેવામાં આવ્યા છે. યોગ્ય સમય અગાઉ પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પણ આ રૂટમાં સ્થિત કેનાલ વિસ્તાર અને બ્રિજ નીચે પણ સલામતીના ભાગરૂપે તપાસ હાથ ધરવામાં આવી હતી. બીજી તરફ રોડ સેફટીના પરીબળોને ધ્યાનાં રાખીને પણ વિશેષ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ માર્ગ પર સ્થિત સેન્ટ્રલ વર્જમાં ગ્રીલ લગાવવાનું કામ ચાલી રહ્યું છે. રખડતા ઢોરના ત્રાસમાંથી બચવા સેન્ટ્રલ વર્જમાં પણ ગ્રીલ નાંખવા પાછળ રૂ. ૧ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. વધુમાં ચ-૦થી હાંસોલ માર્ગની આજુબાજુ પણ ફેન્સીંગ કરવાનું આયોજન કરી દેવાયું છે. આ માર્ગ પર બંને બાજુ ચેઈન લીંક જાળી લગાવવા માટે ટૂંકમાં કામગીરી હાથ ધરવામાં આવશે. ૧૧ કિલોમીટરના આ રૂટમાં માર્ગની બંને બાજુ ૩ મીટર ઉંચી જાળી લગાવી દેવાશે. જેથી આસપાસથી કોઈ પણ વ્યકિત સીધા માર્ગ વચાળે આવી શકશે નહીં. લોખંડની એંગલ લગાવી ચેઈન-લીંક જાળી ફીટ કરવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ. ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે ચાર મહીનામાં કામ પૂર્ણ કરી દેવાશે. ચેઈન લીંક જાળી લગાવાના કામને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. ટૂંકમાં કામ શરુ કરી દેવાશે.

## મોદીની સુરક્ષા માટે કમાન્ડોને ઈઝરાયેલ પોલીસ જેવા બનાવાશે

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સુરક્ષાને વધુ સઘન બનાવવા માટે સુરક્ષા કમાન્ડોને અદ્યતન તાલીમ આપીને ઈઝરાયેલ પોલીસ જેવા તાલીમબદ્ધ બનાવવામાં આવશે.

સુરક્ષા સેતુ યોજના અંગે આજે યોજાયેલી એક પત્રકાર પરિષદ દરમ્યાન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સુરક્ષા સઘન બનાવવા કમાન્ડોને ઈઝરાયેલના કમાન્ડો જેવી તાલીમ આપવામાં આવશે તેવા પત્રકારે પૂછેલા એક પ્રશ્નના ઉત્તરમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવે જણાવ્યું હતું કે કમાન્ડોને ઈઝરાયેલ પોલીસ જેવા બનાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ બિહારમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સભાને સ્થળે બોંબ બ્લાસ્ટની ઘટના બાદ હુમલા અંગે ગુપ્તચર સંસ્થાએ આપેલ ઈનપુટ પછી નરેન્દ્ર મોદીની સુરક્ષા વધુ સઘન બનાવી દેવામાં આવી છે.

# જિલ્લા પંચાયતની સામાન્ય સભા માસાન્તે

## વહીવટીય કામો જે મંજૂરી માટે રજુ કરવાના છે તે ૮મી ડિસેમ્બર સુધીમાં રજુ કરી દેવા માટે વિભાગોને તાકીદ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની આગામી સામાન્ય સભા ચાલુ માસના અંતિમ સપ્તાહમાં યોજાય તેરીતે તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલની અધ્યક્ષતામાં મળનારી આ સામાન્ય સભા માટેનો એજન્ડા તૈયાર કરવા માટે દરેક વિભાગોને ૮મી ડિસેમ્બર સુધીમાં મુદ્દાઓ રજુ કરી દેવા માટે તાકીદ કરવામાં આવી છે.

પંચાયતની સામાન્ય સભામાં પ્રમુખસ્થાનેથી રજુ થતા મુદ્દાઓમાં વહીવટીય કામો ના આવે તે માટે દરેક શાખાધિકારીને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા કડક તાકીદ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે પંચાયતની વિવિધ સમિતિઓની મળેલી બેઠકો અને તેમાં લેવાયેલા નિર્ણયોની અમલવારી આ સામાન્ય સભામાં મંજુરી માટે રજુ કરવામાં આવશે.

આ સામાન્ય સભામાં સભ્યોએ સૂચવેલા વિકાસ કામોની મંજૂરી અંગેની કાર્યવાહી અને કયારથી શરૂ થશે તેની વિગતો પણ રજુ કરવામાં આવે તેવી શકયતાઓ છે. જિલ્લામાં વિકાસના જે કામો ચાલે છે તેને લઈ

● અનુસંધાન પાન-૭ પર





LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર,
ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં,
બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

જોઈએ છે
સાફસફાઈ,
હાઉસકીપીગ, કામ માટે
લેડીઝ અને જેન્ટસ
ગાંધીનગર અને
અમદાવાદ માટે
બાયોડેટા સાથે રૂબરૂ મળો
SF-3, મલક કોમ્પલેક્ષ, લોહા ભવન
ની સામે, જુની હાઈકોર્ટ નજીક,
ઈન્કમટેક્ષ, આશ્રમ રોડ, અમદાવાદ
9374153990-9377996055

GSC BANK
ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. બેંક લિ.
(શીડયુલ્ડ એપેક્ષ બેંક)
સ્થાપના : તા. ૦૧-૦૫-૧૯૫૦
શાસ્ત્રીનગર બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે, પલ્લવ ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
થાપણદારોના હિતની રક્ષા કરતી બેંક • ગુજરાતમાં ખેડૂતોને હરહંમેશ મદદ કરનારી બેંક



અદ્યતન સુવિધા સહિત નવનિર્મિત
સરદાર વલ્લભભાઈ પટેલ સહકાર ભવન
ઉદ્ઘાટન સમારોહ
ઉદ્ઘાટક :
માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી
માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય
અતિથિ વિશેષ :
શ્રી અમિતભાઈ એ. શાહ
માનનીય રાષ્ટ્રીય મહામંત્રીશ્રી, ભારતીય જનતા પાર્ટી
શ્રી બાબુભાઈ બોખિરીયા
માનનીય મંત્રીશ્રી, કૃષિ અને સહકાર, ગુજરાત રાજ્ય
તારીખ : ૦૪-૧૨-૨૦૧૩, બુધવાર
સમારંભ સ્થળ :
સમય : સાંજે ૪-૩૦ કલાકે
કન્વેન્શન હોલ ઓડીટોરીયમ, જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ પાસે, હેલ્મેટ સર્કલ, નવરંગપુરા, અમદાવાદ



એવોર્ડ ▸ નેશનલ કો-ઓપરેટીવ કોંગ્રેસ, નવી દિલ્હી દ્વારા "બેસ્ટ પરફોર્મીંગ કો-ઓપરેટીવ ઓર્ગેનાઈઝેશન"
ધિરાણ ▸ ગુજરાત રાજ્યના નિયમિત ૨૫ લાખથી વધુ ખેડૂતોને ૪%ના દરે ખેત ધિરાણ ઉપલબ્ધ
સુવિધા ▸
• સૌ પ્રથમવાર કો-ઓપરેટીવ બેંકો માટેની "AA" કલાસની કરન્સી ચેસ્ટ - લોકર
• ડીસ્ટ્રીક્ટ અને અર્બન બેંકોને CTS, RTGS, NEFT, NDS, CSGLની સવલત ઉપલબ્ધ

ગુજરાત અને દેશભરમાંથી અમદાવાદમાં તબીબી સારવાર અને સામાજીક કામ માટે આવતા ખેડૂતોને વ્યાજબી દરે ૨૫૦ની ક્ષમતા ધરાવતી જમવાની વ્યવસ્થા સાથેની અતિઆધુનિક સગવડતા સાથેની
ફાર્મર્સ હોસ્ટેલ

૨૦૧૨-૧૩ ના વર્ષની નાણાંકીય સ્થિતિ

| થાપણો | ધિરાણો | સ્વ ભંડોળ | નેટ NPA |
| --- | --- | --- | --- |
| 5274 | 4517 | 517.39 | 0% |

શાખાઓ : પાલડી • શાહીબાગ • મણીનગર • વાડજ • નિકોલ • નારણપુરા • રીલીફ રોડ

આ ધરતી ઉપર છાતી કાઢીને ચાલવાનો કોઈને અધિકાર હોય તો તે માત્ર ખેડૂતને જ છે. - સરદાર વલ્લભભાઈ પટેલ

શંકરભાઈ એલ. ચૌધરી (વાઈસ ચેરમેન) — સંચાલક મંડળ — અજયભાઈ એચ. પટેલ (ચેરમેન)

| | | | |
| --- | --- | --- | --- |
| અમિતભાઈ એ. શાહ | દિલીપભાઈ એન. સંઘાણી | ધીરૂભાઈ એ. ચાવડા | નટવરલાલ પી. પટેલ |
| વિઠ્ઠલભાઈ એચ. રાદડીયા | અરૂણસિંહ એ. રણા | અમીચંદભાઈ એચ. પટેલ | દિલીપભાઈ બી. ભકત |
| બ્રિજરાજસિંહ એચ. જાડેજા | જયંતિભાઈ શુ. પટેલ | લીલાચંદભાઈ વી. પટેલ | કાંતિભાઈ એલ. પટેલ |
| કરસનભાઈ જી. પટેલ | નાનુભાઈ વી. વાઘાણી | ડોલરરાય વી. કોટેચા | માવજીભાઈ એન. ગોલ |
| બિપીનભાઈ એન. પટેલ | જવાહરભાઈ પી. ચાવડા | અતુલભાઈ સી. પટેલ | બચુભાઈ એસ. પટેલ |
| હરદેવસિંહ જે. પરમાર | દેવરાજભાઈ કે. ગઢવી | દિલીપભાઈ રાવલ | એમ. કે. મુદ્દગલ |
| નટવરલાલ આર. પટેલ | કાંતિલાલ બી. સોરઠીયા | (સહકાર કમિશ્નરશ્રી અને રજી. સ.મં.(ગુ.રા.)) | (સી.જી.એમ. નાબાર્ડ, અમદાવાદ) |
| | | | પ્રદિપ એમ. વોરા (CEO) |

સહિયારો વિકાસ... કુશળ નેતૃત્ત્વ... પારદર્શક વહીવટ...